## શિશુ વિહાર ભાવનગર ખાતે ચશ્મા વિતરણ કેમ્પ તા. ૩૦મી ડિસેમ્બરે

ભાવનગર, તા. ૧૭

શિશુ વિહાર આયોજિત ચશ્મા વિતરણ કેમ્પ ભૂપતભાઈ શાહ અને સુધાબેન શાહના સૌજન્યથી તા. ૩૦મી ડિસેમ્બરે ઉત્સવ યુવક મંડળના સહયોગથી ચશ્મા વિતરણ કેમ્પ યોજાશે. ૩૫ થી ૫૫ વર્ષના ભાઈબહેનોને ચશ્મા નંબર કાઢી ચશ્મા વિતરણ કરવામાં આવશે. પ્રવેશ મેળવવા શેરી નં.૯ બાનુબેનની વાડી, અને ભોપાભાઈ શાકવાળા કુંભાર વાડીએ જવું.

## એમ.આઈ.ટી. સ્કૂલ ઓફ ગવર્મેન્ટ પૂણેના વિદ્યાર્થીઓ રાજ્યપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત વિધાનસભા ચૂંટણી અભ્યાસ પ્રવાસે આવેલા એમ.આઈ.ટી. સ્કૂલ ઓફ ગવર્મેન્ટ, પૂણેના વિદ્યાર્થીઓના ગ્રુપે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

સંસ્થાના ખાસ ફરજ પરના અધિકારી શ્રી સંકલ્પ સિંઘાઈએ રાજ્યપાલશ્રીને શૈક્ષણિક પ્રવાસની વિગતો આપી હતી. રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો.

## ભેળસેળ તથા અંધશ્રધ્ધા નિવારણ અંગે જાણકારી અપાશે

ગાંધીનગર, તા. ૧૭

લાયોનેશ કલબ ગાંધીનગર દ્વારા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગાંધીનગરનાં સહયોગથી ખાદ્ય પદાર્થમાં થતી ભેળસેળ અંગે જાણકારી તથા નિર્દેશ માટે તા. ૧૮મી ડિસેમ્બરે બપોરે ૩-૦૦ થી ૪-૦૦ વાગ્યા દરમિયાન આંબેડકર હૉલ ગાંધીનગરમાં આયોજન કરેલ છે.

ભેળસેળની તથા ખાદ્ય પદાર્થની ચકાસણી સામાન્ય વ્યક્તિ કરી શકે તે વિષે જાણકારી અપાશે. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર દ્વારા અંધશ્રધ્ધા નિવારણ અંગે રસપ્રદ નિર્દર્શન કરાશે. તો રસ ધરાવનારે લાભ લેવા લાયોનેશ કલબ ગાંધીનગરના પ્રમુખ ઉષાબેન ગજ્જરે જણાવ્યું છે.

## બાલ સાહિત્ય અકાદમીનું તેરમું અધિવેશન તા. ૬ઠ્ઠી જાન્યુઆરીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

બાલ સાહિત્યના હિત, વિકાસ, ગૌરવ માટે સક્રિય બાલ સાહિત્ય અકાદમીનું તેરમું અધિવેશન તા. ૬ઠ્ઠી જાન્યુઆરી સવારનાં નવ વાગે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે ડૉ. ચંદ્રકાન્ત શેઠનાં અધ્યક્ષપદે યોજાશે.

બે બાળ સાહિત્યકારો પ્રા. રવીન્દ્ર ઠાકોર તથા જગદીશ બિનીવાલેનું સન્માન થશે. બાળ સાહિત્યનાં શ્રેષ્ઠ પુસ્તક બદલ વિજ્ઞાન સાહિત્યના શ્રેષ્ઠ પુસ્તક બદલ પુરસ્કારો અપાશે. રસ ધરાવનાર માટે અધિવેશન ખુલ્લું રહેશે.

## વરિષ્ઠ નાગરીક ટ્રસ્ટે બાળકોને ગરમ કપડાંનું વિતરણ કર્યું

ગાંધીનગર વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ દ્વારા આંગણવાડીના ૩૦૦ જેટલા નવજાત બાળકોને ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના સભ્યોએ ફતેપુરા અને આદિવાળામાં બાળકોને ઠંડીથી રક્ષણ આપવા ગરમ કપડાં પહેરાવ્યા હતા.

વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટના પ્રમુખ અમૃતભાઈ મોઢના જણાવ્યા અનુસાર શહેરી વિસ્તારમાં ૧૧ જેટલી આંગણવાડીઓમાં ટ્રસ્ટ દ્વારા ૩૦૦ જેટલા નવજાત બાળકોને ગરમ ટોપી અને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યા મુજબ આંગણવાડીના ૮૧ જેટલા અતિ કુપોષિત બાળકોને વર્ષ દરમ્યાન પૌષ્ટિક આહાર પણ આપવામાં આવે છે. જેના પરીણામે ૫૦ બાળકોને રેડઝોનમાંથી ઉગારી લેવાયા છે. ટ્રસ્ટના પ્રમુખે અબાલ વૃધ્ધોને સહાયરૂપ થવાના કાર્યમાં નગરજનોને મદદરૂપ થવા પણ અપીલ કરવામાં આવી છે.



ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ગાંધીનગર દક્ષિણ બેઠક પરની ચૂંટણીનો ખરાખરી જંગ ખેલાયો છે. મતદાનના દિવસે વહેલી સવારથી ચિલોડા-ઈસનપુર મોટા-મગોડી મતદાન મથકો પર મતદારોનો ભારે ઉત્સાહ વર્તાતો હતો. માનવહક્કનો ઉપયોગ કરવા મતદારોએ હાથમાં ચૂંટણીકાર્ડ અને ફોટાવાળી સ્લીપો સાથે લાંબી લાઈનો લગાવી હતી. ચિલોડા જંકશન મથકે મતદાન મથક પર ચિલોડા ગામના જાગૃત મતદાર ભાઈ-બહેનોએ લોકશાહીના પર્વ તરીકે મતદાનનો સાચે ઉપયોગ કરવા ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો. ચિલોડા મતદાન મથક પર કુલ ૨૯૧૯ મતદાનમાંથી ૨૨૮૭ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આમ કુલ મતદાન ૭૮.૩૪ ટકા થતાં બને પક્ષના કાર્યકરો હાર-જીતના દાવા માંડી રહ્યા હતા. **(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)**

# ચિલોડા મોટા ગામના એક જ કુટુંબના મતદારોનાં નામો યાદીમાંથી ગાયબ

ચિલોડા, તા.૧૭

ગાંધીનગર જિલ્લાની દક્ષિણ વિધાનસભા બેઠક પર ચૂંટણીમાં ખરાખરીનો રસાકસી જંગ ખેલાયો હતો ત્યારે ચિલોડા ગામના જનકપુરી સોસાયટી અને ઉમિયાનગર સોસાયટીમાં રહેતા એક જ પરિવારના મતદારોના નામો મતદાર યાદીમાંથી ગાયબ થતા મતદારો રોષે ભરાયા છે. તેઓ મતદાન મથક પર મતદાન કરવા ગયા ત્યારે યાદીમાં નામ ન હોવાથી મતદાનથી વંચિત રહેવાનો વારો આવ્યો હતો. આ પરિવારોએ ગત ડિસેમ્બર ૨૦૧૧ની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મતદાન કર્યું હતું જયારે વિધાનસભાની ચુંટણીમાં છેલ્લી ઘડીએ યાદીમાં નામ ન હોવાથી ચૂંટણીકાર્ડ લઈને આવેલા આ મતદારોને મતદાન કર્યા વિના ઘરે પાછા ફરવું પડયું હતું.

પટેલ રામાભાઈ શંકરભાઈ, પટેલ ડાહીબેન રામાભાઈ, પટેલ પુરુષોત્તમદાસ શંકરદાસ, પટેલ સવિતાબેન પુરુષોત્તમદાસ, પટેલ સંજયકુમાર પુરુષોત્તમદાસ, પટેલ રંજનબેન સંજયકુમાર, પટેલ રાકેશકુમાર પુરુષોત્તમદાસ, પટેલ રાગિણીબેન રાકેશકુમાર, પ્રજાપતિ કેશાભાઈ મોહનભાઈ અને વ્યાસ હંસાબેન વિનુભાઈ વગેરેનું નામ યાદીમાં ન હતું.

ચિલોડા ગામમાં મૂળ વતન ધરાવતા નાગરિકો ચૂંટણી કાર્ડ ધરાવતા હોવા છતાં આજે મતદાર યાદીમાં નામ ન જણાતાં મતદાનથી વંચિત રહેતા તેઓએ આક્રોશ વ્યકત કર્યો હતો. કેટલાંક સ્થળોએ મતદાર યાદીમાં ડબલ નામો જણાતાં મતદારો ભારે દ્વિધામાં મૂકાયા હતા. આ મતદાર યાદીમાં છબરડા અને ક્ષતિઓ જણાતા નાગરિકોમાં રોષ જણાતો હતો.

# સેક્ટર-૨ લિમ્બચ પરિવારનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨, લિમ્બચ પરિવાર દ્વારા તા. ૨૩મી ડિસેમ્બર-૨૦૧૨ને રવિવારે ચેહર માતાજીના મંદિર, સેક્ટર-૩ ખાતે સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ યોજાશે. રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે છેલ્લા ૮ વર્ષથી કાર્યરત લિમ્બચ પરિવાર દ્વારા પ્રતિવર્ષની જેમ તા. ૨૩મી ડિસેમ્બરને રવિવારના રોજ સવારના ૯ કલાકથી સ્નેહમિલન કાર્યક્રમ તેમજ ૨૦૧૨ના વર્ષના શૈક્ષણિક ક્ષેત્રે કારકિર્દી બનાવતા પરિવારના તમામ બાળકોને તેમજ ઈનામ વિતરણ તેમજ યશસ્વી પ્રગતિ કરેલા જ્ઞાતિ સદસ્યોને સન્માન સમારંભ રાખવામાં આવ્યો છે. સમારંભના ભોજનદાતા તરીકે જશોદાબેન પ્રવીણભાઈ અંબાલાલ શર્મા ચોર્યાસી તેમજ ઈનામદાતા તરીકે ચંદુભાઈ આશારામ વાળંદ સેક્ટર-૪ યોગદાન આપશે. સમારંભમાં મહેમાન તરીકે જે.પી. નાયી, ઉપસચિવ, ગુજરાત સરકાર, પ્રદીપભાઈ વૈદ્ય, બાબુલાલ મારફતીયા, સોમાભાઈ લિમ્બાચીયા, રમણભાઈ લિમ્બચીયા, ધીરૂભાઈ લિમ્બચીયા, રમણલાલ વાળંદ ઉપપ્રમુખ અને ટ્રસ્ટી તેમજ ડૉ. અમૃતભાઈ નાયી ખાસ અતિથિવિશેષ તરીકે હાજર રહેશે.

# સ્વામીનારાયણ મંદિર સેક્ટર-૨૩માં સત્સંગ આરાધના પર્વ ૨૩થી ૩૦ દરમિયાન ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩માં આવેલ શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે તા. ૨૩મી ડિસેમ્બરથી ૩૦મી ડિસેમ્બર દરમિયાન સત્સંગ આરાધના પર્વ ઉજવાશે. તા. ૨૩મી ડિસેમ્બરને રવિવારે સવારે ૭.૩૦ કલાકે સત્સંગ આરાધના પર્વનો ઉદ્‌ઘાટન સમારોહ પૂ. સાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસના સાનિધ્યમાં યોજાશે.

સત્સંગ આરાધના પર્વનું ઉદ્‌ઘાટન ૨૩મીને રવિવારે યોજાશે. આ પ્રસંગે સવારે ૯ થી ૫ વાગ્યા દરમિયાન પ્રદર્શન પણ યોજવામાં આવશે. પ્રદર્શનીમાં પુલહાશ્રમ, સોળ ચિહ્ન સાથેનાં સ્વામીનારાયણ ભગવાનના ચરણ યુગલનાં દર્શન, કલાત્મક હિંડોળે ઝૂલતા શ્રી હરિનાં અનોખાં દર્શન, મોતી કલા, ચલણી સિક્કા, સ્ટેમ્પ ટિકિટો, વિડીયો નિદર્શન તથા અવનવી રંગોળીના અદ્‌ભૂત દર્શન કરી શકાશે. ૨૬મીએ ઠાકોરજીની સભામંડપમાં પધરામણી, સત્સંગ સભા, ત્યારબાદ સત્સંગ આરાધના યાત્રા અને કીર્તન ભક્તિ અનુષ્ઠાન યોજાશે. ૨૭મીએ મહારાજ કોશલેન્દ્રપ્રસાદનું આગમન, પુસ્તક વિમોચન, પ્રવચન, સમૂહ સ્વાધ્યાય, બહેનોના ભક્તિ, આરાધના સત્સંગ સભર કાર્યક્રમો યોજાશે. ૨૮મીએ મહાભિષેક, તુણવિધિ, સમૂહ આરતી, કેક અર્પણ, મહાનિરાજન, વિષ્ણુયાગનો શુભારંભ તથા દર્દી, મૂકબધીર સેવા સમર્પણ યજ્ઞ યોજાશે.

૨૯મીએ શ્રી હરિવિષ્ણુયાગ અને સ્વામીનારાયણ મહામંત્રી પૂજન તથા બપોરે ૨.૩૦ કલાકે નિઃશુલ્ક નેત્ર ચિકિસ્તા યજ્ઞ યોજાશે. રાત્રે ૮ કલાકે કીર્તન બક્તિ અનુષ્ઠાન, કીર્તન અંતાક્ષરી અને સત્સંગજ્ઞાન ગોષ્ઠી યોજાશે. ૩૦મીએ સવારે ૮ કલાકે કીર્તન ભક્તિ અનુષ્ઠાન, વિશેષ ભગવદ્ આરાધના નિયમોનો સમાપ્તિ સંકલ્પ અને સમાપન સબા યોજાશે. સમગ્ર સત્સંગ આરાધના પર્વમાં મહોત્સવ સમિતિ અને શાસ્ત્રી હરિપ્રિયદાસ અને ગાંધીનગર સત્સંગ સમાજના સભ્યોએ ભક્તજનોને લાભ લેવા ખાસ જણાવ્યું છે.

# કેટલાક અસક્ષમ મતદારો હેમખેમ મતદાન મથકે આવ્યા



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૭

આજે સવારથી જ બીજા તબક્કાનું મતદાન શરૂ થવાની સાથે જ ગાંધીનગરમાં રહેતા સામાન્ય મતદાનની સાથે સાથે કેટલાક અસક્ષમ મતદારો પણ જોમ અને જુસ્સાપૂર્વક મતદાન મથકોએ આવી પહોંચ્યા હતા અને મતદાન કરી પોતાની લોકશાહી માટેની ફરજ પૂર્ણ કરી હતી.

ગાંધીનગરમાં સવારથી જ શરૂ થયેલા મતદાન પ્રક્રિયાને લઈ મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. વૃદ્ધો-યુવાનો અને મહિલા સહિત યુવતીઓની સાથે સાથે કેટલાક અસક્ષમ મતદારો પણ મતદાન મથકો પર આવી પહોંચ્યા હતા. સેકટર-૩માં રહેતા ૬૫ વર્ષીય મહિલાને વ્હીલ ચેરમાં બેસાડી લઈ આવ્યા હતા. જયારે અપંગ, પેરાલીસીસના દર્દીઓ, વૃદ્ધો, બિમાર મતદારોએ મતદાન કરી સમાજમાં એક અલગ સંદેશો પહોંચાડયો હતો.

# ઈન્દ્રોડામાં પાણીનો સમય ધ્યાને લઈ મહિલાઓએ મતદાન કર્યું!

## રસ્તા સહિતના સ્થાનિક પ્રશ્નોને લઈ રોષ પણ જોવા મળ્યો

ગાંધીનગર, તા.૧૭

આજે બીજા તબક્કાના મતદાન દરમિયાન મતદારોમાં કેળવાયેલી જાગૃતિના અંતે પ્રારંભીક તબક્કાથી જ મતદાનલક્ષી ઉત્સાહ જોવા મળ્યો હતો. જેમાં મહિલાઓનું પ્રમાણ પણ વિશેષ જોવા મળ્યું હતું. ઉત્તરની બેઠકમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા ગામમાં પણ સવારથી જ મતદાન કરવા મથકો પર પહોંચી ગયા હતા. જો કે ગામમાં બે ભાગમાં વહેંચાયેલી પાણી વિતરણ વ્યવસ્થાના લીધે મતદાનની પ્રક્રિયા પર પણ તેની અસર વર્તાઈ હતી. અલબત્ત ગામના અમુક વાસમાં સવારે અને અમુક જગ્યાએ અન્ય સમયે પાણી સપ્લાય થતું હોવાથી સ્થાનિક મતદારો પણ અલગ અલગ સમયે અનુકૂળતા સાધી મતદાન કરવા પહોંચ્યા હતા. જેમાં ખાસ કરીને મહિલાઓનો સમાવેશ થતો હતો. આ તબક્કે ગ્રામજનોમાં રસ્તા સહિતના સ્થાનિક પ્રશ્નોને લઈ રોષ પણ જોવા મળ્યો હતો. પરંતુ મતદાનના ઉત્સાહ પર તેની અસર જોવા મળી ન હતી. ગ્રામજનોએ હરખભેર મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ગામના બુઝુર્ગોએ પણ મતદારોના ઉત્સાહને બિરદાવ્યો હતો. જયારે આ વખતે ગ્રામજનોમાં મતદાનને લઈ વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હોવાનો એકરાર પણ કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ મતદાન જાગૃતિને લઈ ગ્રામજનોને મતદાન મથક સુધી લઈ જવા કોઈ પ્રયત્નો કરવા પડયા નહોતા. પરંતુ ગામના પ્રત્યેક વાસમાંથી મતદારોએ સ્વયંભુ રીતે જ મતદાન મથક સુધી પહોંચવાનો જુસ્સો દાખવ્યો હતો.

# ગાંધીનગર શહેર મોચી સમાજનું સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા આંબેડકર ભવન સેકટર-૧૨ ગાંધીનગર ખાતે ગાંધીનગર શહેર મોચી સમાજના સભ્યોનું સ્નેહમિલન યોજાયું હતું અને સરકારમાંથી નિવૃત્ત થયેલા ૩૮ વડીલોનું ભાગવત ગીતા અને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તથા નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

મોચી સમાજના સ્નેહ મિલન સમારંભમાં ગાંધીનગર શહેરમાં વસતા મોટા ભાગના સભ્યો, કુટુંબીજનો ઉમળકાભેર હાજર રહ્યા હતા. આ પ્રસંગે પ્રાર્થના, દીપ પ્રાગટય અને મહેમાનોનું સ્વાગત કરી કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો હતો. કૈલાસ માનસરોવરની યાત્રા કરી આવેલા ૭ વ્યકિતઓનું સન્માનપત્ર આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. નવા વરાયેલા હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ભગવાનભાઈ ગોહેલ, ઉપપ્રમુખ તરીકે ભરતભાઈ રાઠોડ, મંત્રી તરીકે હસમુખભાઈ વાઘેલા, ખજાનચી તરીકે શૈલેષભાઈ યાદવ, ચીફ કો-ઓર્ડિનેટર તરીકે પ્રવીણભાઈ સોલંકી, સાંસ્કૃતિક મંત્રી તરીકે મહેન્દ્રભાઈ રાઠોડ, કારોબારી સભ્યોના નરોત્તમભાઈ વાઘેલા, ગીરીષ યાદવ, જયંતીભાઈ વાઘેલા, હસમુખભાઈ ચુડાસમા, બિપીન ચૌહાણ, વિનોદભાઈ ચાવડા અને મહિલા પ્રતિનિધિ તરીકે પદ્માબેન સોલંકી, ઉષાબેન ચૌહાણ અને શોભનાબેન યાદવની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સમારંભના અંતે સૌનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪
સૂર્યાસ્ત : ૫.૫૪

## તાપમાન

મહત્તમ : ૨૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૪૦ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫,૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૦૦
ખેલાડી ૭૮૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧.૦૦
તલાશ : ૪.૧૫
લાઈફ ઑફ પાય (હિન્દી) : ૭.૦૦
ખેલાડી ૭૮૬ : ૯.૩૦
: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
સિગારેટકી તરાહ : ૧૨.૪૫
સન ઑફ સરદાર : ૩.૧૫
રૅડ ડ્રૉવન(હિન્દી) : ૬.૦૦, ૧૦.૦૦
રૅડ ડ્રૉવન(અંગ્રેજી) : ૮.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રૅડ ડ્રૉવન(હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૦૦, ૫.૦૦
લાઈફ ઑફ પાય(હિન્દી) ૩-ડી : ૨.૩૦, ૭.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ખેલાડી ૭૮૬ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ખેલાડી ૭૮૬ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

### સૂર્યા, વાવોલ

ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જાનબાઝ ખેલાડી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૧૫, ૩.૧૫
તલાશ : ૬.૪૫, ૯.૪૫

### ચિરાગ, કલોલ

ખેલાડી ૭૮૬: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સામાજિક

- રોટરી કલબ ઑફ ગાંધીનગર આરોગ્ય મંદિર, વૃંદાવન ધામ, બદપુરા- વરસોડા રોડ, વરસોડા, ગાંધીનગર ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કૅમ્પ બપોરે ૨.૦૦ કલાકે.

### ધાર્મિક

- વૈજનાથ મહાદેવ મંદિર દેવ સંસ્થાના સહયોગથી સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન રાત્રે ૯.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન અને ધાર્મિક કાર્યો થઈ શકે છે. કુટુંબીજનનો સાથ-સહકાર મળી રહેશે.

**વૃષભ** : સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો. પેટ સંબંધી બિમારી થઈ શકે છે.

**મિથુન** : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. સમાજ અને રાજકીયક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થવાની સંભાવના છે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યપાર- વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**વૃશ્ચિક** : વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

**ધન** : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : વ્યાપારક્ષેત્રમાંનવા આયોજનો થઈ શકશે. નવા સંબંધો બંધાશે.કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

**મીન** : વ્યાપાર અને વ્યવસાયિકક્ષેત્રના કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. આપ ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ.કોકીલાબેન કિરીટકુમાર રાવલ (ઉ.વ.૬૮) પ્લોટ નં.૬૨૩/૧, સે-૩૦, શાંતિવન સોસા., ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન રણછોડલોલ ભાવસાર (ઉ.વ.૯૬) પ્લોટ નં.૪૧૯/૧, મહિલા સિવણ કલાસની બાજુમાં, સે-૨૨, ગાંધીનગર.
- સ્વ. મણીબેન બોગભાઈ રાઠોડ, (ઉ.વ.૧૦૦) બ્લોક નં. ૨૩/૨, છ-ટાઈપ, ગાંધીનગર.
- સ્વ. મંદાકિનીબેન પિનાકીનભાઈ મહેતા (ઉ.વ.૮૨) ૫, શાલીન-૩, મુ.પો. વાવોલ, તા.જિ. ગાંધીનગર